JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 14 | Issue 7 | Mumbai | November - 2023| Price Rs. 25/- | Pages : 28

# મારી સમ્યક્ ભાવ વંદના

## કોને – ક્યારે – ક્યાં – કેમ – કેવી રીતે ?

જઘન્ય વંદના



મધ્યમ વંદના



ઉત્કૃષ્ટ વંદના



... અને એના ભૌતિક અને આધ્યાત્મિક પરિણામોને જાણવા-સમજવા અને આચરણમાં લાવવા માટે જ તો છે જૈન ક્રાંતિનો આ અધ્યાત્મ અંક !

# પરમની વિચારધારા



## ગુરુ વંદના પહેલાંના ભાવ...

મારા અવગુણો તો અનંતકાળના અનંત છે,
પણ, આજે મને અનંત ગુણવાન ગુરુને નમસ્કાર કરવાનો,
મારા અહંકારથી મુક્ત થવાનો, અનન્ય અવસર પ્રાપ્ત થયો છે!
મને ગુરુવંદના કરી, પંચમકાળમાં પણ સદ્ગુણો પ્રગટાવવાની એક અમૂલ્ય અને આત્મ કલ્યાણકારી તક પ્રાપ્ત થઈ છે.
આવા ઉપકારભાવ અને અહોભાવ સાથે જે વંદના કરે, તેની વંદના સમ્યક્ અને સાર્થક થઈ જાય!

સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર

# ગુરુ ગુણ વંદનમ્
## એક અનન્ય અવલોકન દૃષ્ટિ!

આપણને ધર્મરૂપે અમૂલ્ય એવું જિનશાસન અને ધર્મગુરુ મળ્યાં છે, ધર્મની વિધિ અને ક્રિયાઓ જાણતા થયા છીએ અને કરીએ પણ છીએ, પણ ભાગ્યે જ એના reason અને vision સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે, એટલે એ વિધિ કે ક્રિયા કર્યા પછી જે આત્મિક અહોભાવની અનુભૂતિ થવી જોઈએ એ થતી નથી.

એક સંધ્યાએ થોડાં ગુરુભક્તો પરમ ગુરુદેવના સાંનિધ્યમાં ભક્તિ કરી રહ્યાં હતાં. બધાં ભક્તિના ભાવોમાં હતાં, ત્યારે પરમ ગુરુદેવની અવલોકન દૃષ્ટિ કંઈક અલગ જ નિહાળી રહી હતી...

ભક્તિ પૂરી થતાં જ પરમ ગુરુદેવે એ ગુરુભક્ત તરફ દૃષ્ટિ કરી અને કહ્યું, last 28 minutesથી ભક્તિ ચાલી ત્યાં સુધી તમારા બંને હાથ અંજલિકરણ મુદ્રામાં જોડાયેલાં છે. તમને ખબર છે, એનું result શું આવશે ?

ઉચ્ચત્તમ આત્મદશાને પામેલાં પરમ ગુરુદેવે એક સામાન્ય ભક્તની એક નાનકડી પ્રક્રિયાને પણ આવી સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળી, એ વિચાર માત્રથી આશ્ચર્યચક્તિ થયેલાં તે ગુરુભક્તે માત્ર 'નકાર' માં માથું હલાવ્યું.

**પરમ ગુરુદેવે ફરમાવ્યું...**
**આ જ તો સૌથી મોટી ખોટ છે !**
**તમે બધાં કરો છો તો ઘણું બધું**
**પણ એ કરવા પાછળનું reason**
**અને કર્યા પછીના resultને જાણવાનો**
**ક્યારેય પ્રયત્ન નથી કરતા !**
**તમારા જોડાયેલાં હાથની**
**આ વિનયપૂર્વકની ક્રિયા માત્રથી**
**તમને એવા શુભ કર્મોનો બંધ થયો છે કે**
**ભવિષ્યમાં લાખો ભવો સુધી તમને ક્યારેય**
**કોઇના નોકર કે ગૃહસેવક ન બનવું પડે,**
**એવા ઉચ્ચ ગોત્ર કર્મનો તમે**
**બંધ કરી દીધો છે.**

પરમ ગુરુદેવના શ્રીમુખેથી આવું result સાંભળતાં જ ત્યાં ઉપસ્થિત બધાં અવાચક થઈ ગયા...

'પ્રભુ કે ગુરુના સાંનિધ્યમાં હાથ જોડીને બેસવાનું આવું શ્રેષ્ઠ ફળ મળે !!

આપણું ભવિષ્ય આવું bright અને સુરક્ષિત થઈ જાય !!'

પરમ ગુરુદેવને મળેલાં અમૂલ્ય એવા જિનશાસનની value એમને realise થઈ ગઈ છે, કેમ કે, એમણે એના એક એક સિદ્ધાંતને આત્મસાત્ કર્યાં છે. જેમ મરજીવા મહાસાગરના ઊંડાણમાં જઈ મોતી પ્રાપ્ત કરે, એમ પરમ ગુરુદેવ આત્માના અતલ ઊંડાણ સુધી જઈ એના એક એક secret સુધી પહોંચ્યા છે. પરમ ગુરુદેવ એક એક પ્રવૃત્તિના reason અને vision સાથે એના resultને પણ જાણે છે, માટે જ એમની દરેક પ્રવૃત્તિ અને દરેક ક્રિયામાં અહોભાવ અને આત્મ સંવેદના અનુભવાય છે.



24th January, 2023
Vadodara.

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th November 2023, YEAR: 22, ISSUE - 272

PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 25



# વંદનાની સૂક્ષ્મશક્તિ

સમય એ પાણીના પ્રવાહની જેમ સતત વહેતો હોય છે.
સમયના પ્રવાહમાં કેટલાંક એમ જ વહી જાય છે તો કેટલાંક પામી જાય છે.
જે પામી જાય છે, તે સમયને સાર્થક કરે છે.
જે સમયનો પ્રવાહ તમને શુદ્ધ બનાવે, તે સમય તમારો સાર્થક
અને જે સમયનો પ્રવાહ તમને અશુદ્ધ બનાવે, તે સમય તમારો વ્યર્થ !

**સમયને સાર્થક કેવી રીતે કરાય ?**

**સમયને સાર્થક કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે, ભાવથી કરેલી વંદના !**

અહમ્ અને અસ્તિત્વને ઓગાળી દેતી આ વંદના શું છે,
કેવી રીતે કરાય અને એનાથી શું લાભ થાય, શું છે વંદનાની સૂક્ષ્મશક્તિ ?
એ જાણવાની જો જિજ્ઞાસા હોય... તો જૈનક્રાંતિનો આ અંક જરૂર વાંચશો.

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD,
GHATKOPAR (E), MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT PARAM GURUDEV CONTACT ON: +91-9860905678**



**वंदणएणं भंते! जीवे किं जणयइ?**
**वंदणएणं णीयागोयं कम्मं खवेइ,**
**उच्चागोयं कम्मं णिबंधई,**
**सोहग्गं च णं अप्पडिहयं आणाफलं णिव्वत्तेइ,**
**दाहिणभावं च णं जणयइ।**

## • ભાવાર્થ •

**પ્રશ્ન : હે ભગવન ! વંદના કરવાથી જીવને શું લાભ થાય છે ?**

**ઉત્તર : વંદના કરવાથી જીવ નીચ ગોત્ર કર્મનો ક્ષય કરે છે,**
**ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે અને તે સૌભાગ્યને પ્રાપ્ત કરે છે.**
**તેમજ તેની આજ્ઞા સર્વત્ર શિરોધાર્ય થાય છે તથા**
**તે દાક્ષિણ્યભાવને એટલે કે ચતુરાઈ, પટુતા, વિચક્ષણતા**
**આદિ ગુણોને પ્રાપ્ત કરે છે.**
**આ રીતે તે લોકોને પ્રીતિપાત્ર અને માન્ય બની જાય છે.**



**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**
અધ્યયન - 29
ગાથા - 12

# ભવોના સંસ્કાર બની જાય, એવી હો મારી વંદના !



\- પરમ ગુરુદેવ

તમે ધર્મક્ષેત્રમાં આવો ત્યારે ઘણીવાર નિહાળ્યું હશે કેટલાંક બાળકો એવા હોય જેની મમ્મી બે-ત્રણવાર કહે, બેટા ! ગુરુદેવને વંદના કર, મહાસતીજીને વંદના કર, પણ ન જ કરે અને તેની સામે કેટલાંક બાળકો એવા પણ હોય જે દૂરથી જ ધર્મસ્થાનક નિહાળી, મહારાજ સાહેબ-મહાસતીજીને નિહાળે અને મમ્મીનો હાથ છોડી, દોડીને એમના પાસે જઈ, બે હાથ જોડી ભાવથી વંદના કરવા લાગે. ભલે કદાચ વંદનાના શબ્દો કે વિધિની એને વધારે સમજ ન હોય પણ છતાં પોતાની કાલીઘેલી ભાષામાં વંદના કરવા લાગે.

કેટલાંક બાળકો કેટલીયવાર શીખવાડવા છતાં ન કરે અને કેટલાંક કહ્યા વગર સહજતાથી જ કરવા લાગે. કેમ આવું ?

જેમનામાં ભવોભવના વંદનાના સંસ્કારો હોય, એમને કહેવું ન પડે, શીખવાડવું ન પડે, કહ્યા વગર જ સહજતાથી કરવા લાગે.

Check કરો તમારી વંદનાને.

તમારી વંદના, શીખવાડેલી વંદના છે કે સંસ્કાર વંદના છે ?

**શીખવાડેલી વંદનામાં શું હોય ?**

ગુરુ કે સંત-સતીજી સામે આવે ત્યારે કરે, જરૂર પડે ત્યારે કરે, સમય આવે ત્યારે કરે, બધા કરે ત્યારે કરે, કરવા જેવું લાગે ત્યારે કરે, મન થાય તો કરે. આ હોય શીખવાડેલી વંદના !

**સંસ્કાર વંદનામાં શું હોય ?**


જેનામાં ભવોભવના સંસ્કાર હોય તે વ્યક્તિ ઘરેથી નીકળે ત્યારથી એની વંદના - ભાવ વંદના શરૂ થઈ જાય. ઘરેથી નીકળતાં પહેલાં ભાવથી બે હાથ જોડી ગુરુવંદના કરે અને પ્રાર્થના કરે, 'ગુરુદેવ ! આપના શરણમાં આવવા મળે એવી કૃપા વરસાવજો.'

પછી જે સ્થાનમાં ગુરુદેવ બિરાજમાન હોય, એ સ્થાન જેટલા પણ દૂરથી દેખાઈ જાય એટલે એના બે હાથ જોડાઈ જાય, પાંપણ ઝૂકી જાય અને મસ્તક નમી જાય. જે સ્થાનકમાં ગુરુદેવ બિરાજમાન હોય, એ સ્થાનકની ગલીના laneમાં પ્રવેશ કરતાં પહેલાં થોડી ક્ષણો માટે ત્યાં ઉભા રહી જાય અને એ સ્થાનકને ભાવથી બે હાથ જોડી વંદના કરે પછી જ એ ગલીમાં પ્રવેશ કરે.

જ્યારે એ ધર્મસ્થાનકમાં પહોંચે, ત્યારે પણ અંદર પ્રવેશ કરતાં પહેલાં એ ધર્મસ્થાનકના gateમાં અથવા પ્રથમ પગથિયાં પર મસ્તક નમાવી વંદના કરી, એ ભૂમિની રજને ઉપકારભાવે મસ્તકે ચઢાવે પછી જ અંદર પ્રવેશ કરે. આ હોય સંસ્કાર વંદના !

તમને જો આવું કરવાનું મન થઈ જતું હોય અને તમે જો આવું કરતાં હોય તો માનજો તમારામાં વંદનાના ભવોભવના સંસ્કાર છે, નહીં તો શીખવાડેલી વંદના છે.

**જો સંસ્કાર વંદના નથી તો આ ભવમાં યથાર્થ વંદના શીખીએ, ઉત્કૃષ્ટ ભાવથી વંદના કરીને, એને સંસ્કાર વંદના બનાવી દઈએ, જેથી ભવિષ્યમાં એ સંસ્કાર નિમિત્ત મળતાં જ બહાર આવી જાય અને મમ્મીની આંગળી છોડીને, દોડીને વંદના કરવાનું મન થઈ જાય !**




આપણી દરેક actions આપણા emotionsને પ્રગટ કરે છે. તમારાથી ઘણે દૂર ઊભેલી વ્યક્તિ હાથની action કરે તો, તમે દૂર ઊભા-ઊભા પણ સમજી જાવ છો કે તે તમને શું કહેવા માંગે છે ? તમને પાસે બોલાવે છે, bye-bye કહે છે કે તમને ત્યાંથી જતા રહેવાનું કહે છે કેમ કે, એમની actionમાં જ એમના emotions પ્રગટ થતાં હોય છે. Emotions વગરની કોઈ પણ ક્રિયા, કોઈપણ કાર્ય કેવું કહેવાય ?

Real કે Robotic? Robotic!

એક હોય છે કાયાથી થતી વંદના અને એક હોય છે ઉત્કૃષ્ટ ભાવે થતી વંદના !

જ્યારે action સાથે emotionsથી ભળેલી વંદના થાય, ત્યારે શું કરે છે વંદના ?

ભાવથી કરેલી અને ભાવને વિશુદ્ધ કરતી વંદના તમારા આત્મા અને ગુરુના આત્મા વચ્ચેનું એક connector બને છે.

વંદના connector ક્યારે બને ? જ્યારે વંદના કરતાં કરતાં તમે ભાવના ભાવો કે, હે ગુરુદેવ ! જે આપનું થાજો, તે મારું પણ થાજો ! જે તમારું હોજો, તે મારું હોજો ! જે આપ કરો, તે હું કરું ! જેવા આપના ભાવો, એવા મારા ભાવો !

આવા અંતરના ઉત્કૃષ્ટ ભાવથી જ્યારે વંદનાની યથાર્થ વિધિ થાય તો ભાવોની શુદ્ધિ થયાં વિના રહે જ નહીં.

માટે જ, વંદનાને ભાવ વિશુદ્ધિની process કહી છે.

જેમ-જેમ ભાવ વિશુદ્ધિ થાય, તેમ-તેમ વંદના, સંસ્કાર વંદના બનતી જાય, નહીં તો માત્ર શીખવાડેલી વંદના જ રહે.

શીખવાડેલી વંદનામાં બીજા કરે તો તમે કરો, તમારી અંદરથી ભાવ ન ઉઠે કે મારે વંદના કરવી છે. જેમ કે, પ્રવચન પૂરું થાય એટલે તમે આજુબાજુ નજર કરો. કોઈ વંદના કરવા ઊભું થાય તો હું ઊભો થાઉં ! બીજા બેઠા રહે તો હું પણ બેસી રહું.

વંદના તમને અને તમારા ગુરુને જોડતું connector છે. જો ગુરુ સાથે connection હશે તો જ ગુરુકૃપાનો current pass થશે.

જ્યાં સુધી વ્યક્તિ અહોભાવથી વંદના નથી કરતી, ત્યાં સુધી તે ગુરુ તત્ત્વનો સ્વીકાર નથી કરી શકતી.

માનો કે, અમે પાટ ઉપર બેઠાં છીએ અને તમે બહારથી અંદર આવો છો, તમને જોઈને શું અમને એવું થાય કે પાટ ઉપરથી ઉતરીને તમને વંદના કરીએ, એવું બની શકે ? ના ! પણ માનો કે તમે પ્રવચન hallમાં બેઠાં છો અને અમે બહારથી અંદર આવીએ છીએ તો તમે શું કરશો ?

તમે તરત જ ઊભા થઈ બે હાથ જોડી વંદના કરવા લાગશો. કેમ ? કેમ કે, અમે તમારા માટે વંદનીય છીએ.

> **શિષ્ય માટે**
> **વંદના એ ગુરુ સાથે CONNECT થવાની process છે, ગુરુ સાથે CONNECT થવાનો શ્રેષ્ઠ ઉપાય છે.**

વંદનામાં રહેલો અહોભાવ, ભક્તિભાવ અને વંદનભાવ તમને ગુરુ તત્ત્વ સાથે connect કરી દે છે. કેમ કે, એમાં અનુભૂતિ હોય છે કે, તેઓ મારા માટે વંદનીય છે. જ્યાં સુધી આવો વંદનીય ભાવ ન આવે, ત્યાં સુધી યથાર્થ વંદના ક્યારેય ન થાય.

વંદના કરતા સમયે માત્ર નયન નહીં, માત્ર શરીર નહીં પણ આખું અસ્તિત્વ જ્યારે સોંપાય જાય ત્યારે જ યથાર્થ વંદના થાય.




# અક્કડતા મારી નિર્જરી જાય, એવી હો મારી વંદના!



- પરમ ગુરુદેવ

અનાદિકાળથી ચાલતું આ સંસારનું ચક્ર અને આ સંસારને ચલાવનાર કોઈ તત્ત્વ હોય તો તે છે, કર્મ! શુભ કર્મ-પુણ્ય કર્મના ઉદયથી વ્યક્તિને સુખ- સગવડતા- અનુકૂળ વ્યક્તિ અને સંયોગો મળે છે. પણ મળતું સુખ, મળતી સમૃદ્ધિ અને સંપત્તિની મળતી અનુકૂળતાઓ વ્યક્તિમાં અક્કડતા વધારે કે નમ્રતા વધારે ?

અક્કડતા વધારશે.

યાદ રાખજો, જેમ-જેમ સંસારમાં અનુકૂળતાઓ વધે તેમ તેમ વ્યક્તિની અંદર અક્કડતા વધે અને નમ્રતા ઘટતી જાય છે.

### સાચો સંપતિવાન કોણ હોય ?

એકદા વાદળ પૂછે છે, સાગરને, ‘તું તો આટલો વિશાળ છે, તું આટલો મહાન છે, છતાં તું આટલા નીચા સ્થાને કેમ વહે છે ?’

ત્યારે સાગર કહે છે, ‘પાણી તો છે ગાગરમાં પણ અને પાણી તો છે સાગરમાં પણ, પાણી તો છે, આ દુનિયાનો પ્રાણ !

પરંતુ સરિતા સાગરમાં ત્યારે જ ભળી શકે, મળી શકે ને એકમેક થઈ શકે, જ્યારે સાગર મળે એને નીચા સ્થાને !

નમતા આવડે જો મને, તો જ મારામાં સહુ કોઈ સમાઈ શકે, સહુ કોઈ ભળી શકે અને તો જ અશુદ્ધિઓથી ભરેલી નદી પણ વિશુદ્ધ થઈ શકે.’

માટે જ, **સાચો સંપત્તિવાન એ હોય છે, જેને વળતા આવડે છે, નમતા આવડે છે, ઝૂકતાં આવડે છે, ભળતાં આવડે છે.**

પણ હા નમન- નમનમાં પણ ફરક હોય છે.

એક વ્યક્તિ સ્વાર્થથી નમસ્કાર કરે છે, સ્વાર્થ પોષાય એ ભાવ સાથે નમન કરે છે, જ્યારે બીજી વ્યક્તિ નિ:સ્વાર્થભાવે નમસ્કાર કરે છે, પોતાના સંસ્કાર છે એટલે નમન કરે છે.

એક વ્યક્તિને ખબર છે, જો આ customer સાથે હું અક્કડતાથી વાત કરીશ, તો એ વ્યક્તિ મારી product purchase નહીં કરે. એક સારી કમાણી કરી આપતો customer બીજા વેપારી પાસે ચાલ્યો જશે, એટલે તે સ્વાર્થ માટે નમ્ર બને છે. જ્યારે બીજી વ્યક્તિ માટે નમ્રતા રાખવી, કોઈને નમવું એ એના આત્માનો nature હોય છે.

વંદના શું છે ? વ્યવહાર કે આત્માનો nature?

પરમાત્મા, ગુરુ કે સત્પુરુષોને વંદના કરવી, એમના ચરણોમાં નમવું, ઝૂકવું, વળવું એમને નમસ્કાર કરવા, પ્રણામ કરવા, એમને પોતાના ભાવો સમર્પિત કરવા એ આત્માનો nature હોય કે વ્યવહાર હોય ?

**કોઈએ ભગવાનને પૂછ્યું, ભગવાન, ધર્મ એટલે શું ? ભગવાને કહ્યું, જે જે દ્રવ્ય હોય તેનો જે nature હોય, તે તેનો ધર્મ હોય. આત્મ દ્રવ્યનો nature ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ ! આત્માના natureમાં અક્કડતા ક્યારેય ન હોય.**

વંદના જેનો ગુણધર્મ હોય, વંદના જેનો આત્માનો nature હોય, એનો ધર્મ સાર્થક થાય છે. વંદના જેના માટે એક વ્યવહાર માત્ર હોય, તેનો ધર્મ ક્યારેય સમ્યક્ ન હોય, તેનો ધર્મ પણ માત્ર એક વ્યવહાર હોય.

તો પછી અક્કડતા આવે ક્યાંથી ?

અક્કડતા આવે પ્રાપ્ત અનુકૂળતાઓના કારણે, અક્કડતા આવે આસપાસના સંયોગોના કારણે અને અક્કડતા આવે આસપાસની વ્યક્તિઓના કારણે.

તમે જ્યારે એકલા હો, આત્મા જ્યારે એકલો હોય, ત્યારે અક્કડતા ન આવે. તમારી પાસે કંઈક છે, તમારી પાસે કોઈક છે તો જ તમને અકક્ડતા આવવાની છે. જેમની પાસે કંઈ નથી, જેમની પાસે કોઈ નથી, તેને ક્યારેય અક્કડતા આવતી નથી. આત્મા જ્યારે એકલો હોય છે, ત્યારે નમ્ર અને સરળ હોય છે. આત્મા જ્યારે એકલો હોય છે, ત્યારે સંતોષી અને ક્ષમાવાન હોય છે. વંદન, નમન, નમસ્કાર આત્માનો nature છે.

જ્યારે વ્યક્તિ પાસે કંઈક હોય છે, ત્યારે તેને તેનો અહંકાર હોય છે. વ્યક્તિ પાસે જ્યારે કંઈક હોય છે, ત્યારે તે સ્વયંના આત્માના ગુણધર્મને ભૂલી જાય છે.

**કંઈક હોવાની અનુભૂતિ વ્યક્તિને અંધ બનાવે છે અને તે અંધપણું, તે અજ્ઞાનતા જ વ્યક્તિમાં અક્કડતા લાવે છે.**

વંદના એ આત્માનો nature છે. વંદના એ વ્યક્તિનો ગુણધર્મ છે. માટે જ, વંદના ત્યારે જ સાર્થક છે, જ્યારે એમાં નિ:સ્વાર્થતા છે, નમ્રતા છે, વિનય છે.



# મમ્‌ને ઓગાળનારી, મંગલકારી વંદના બાહુબલીની!

બાહુબલી, પ્રથમ તીર્થંકર આદિનાથ પરમાત્માના પુત્ર, જેમણે યુદ્ધના મેદાનમાંથી સ્વયં દીક્ષા લીધી હતી અને જંગલમાં વૃક્ષ નીચે એકાંતમાં કઠિન સાધના કરી રહ્યાં હતાં પણ એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી ન હતી.

એમને પિતા, પરમાત્મા ઋષભદેવ પાસે જવાના ભાવ તો થાય છે, પણ ત્યાં જઈ એમનાથી નાના અને એમનાથી પહેલાં દીક્ષા લીધેલાં ભાઈઓને વંદના કરવી પડે, એ અહમ્ એમના પગને ત્યાં જતાં અટકાવે છે.

બાહુબલી એ બધું જ છોડ્યું, પણ સંબંધનો અહમ્ ન છૂટ્યો, એક દિવસ એમના કાનમાં મધુર અને વિનયથી ભરેલાં શબ્દો પડે છે,

**‘વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો, ગજ થકી કેવલ ન હોય !’**

એક વર્ષથી ધ્યાન સાધનામાં લીન, બાહુબલીના કાન સજાગ થઈ જાય છે, અરે ! આ તો મારી બહેનોનો અવાજ છે, પણ અત્યારે અહીંયા ક્યાંથી ? એ તો સાધ્વીઓ છે, અને પરમાત્મા આદિનાથ પાસે છે!! સાધ્વીજી ક્યારેય મળવા ન આવે, એ તો જગાડવા આવે, ભૂલા પડી ગયેલાંને સત્યનો માર્ગ બતાવવા આવે.

બાહુબલી ચિંતન કરે છે, **હું ક્યાં ગજ ઉપર છું ? હું તો મારા પગ ઉપર ઉભો છું.** ચિંતન કરતાં-કરતાં એમને સત્ય સમજાય છે, હા હું અહમના ગજ ઉપર છું, જ્યાં સુધી મારામાં અહમ્ છે, ત્યાં સુધી મને કેવળજ્ઞાન ક્યાંથી થાય ?

સત્ય સમજાતાં જ અંતરમાં પારાવાર પસ્તાવો થાય છે અને એ જ ક્ષણે સંકલ્પ કરે છે કે હું હમણાં જ પરમાત્મા આદિનાથ પાસે જઈશ અને પરમાત્માને વંદના કરી, મારા 98 નાના દીક્ષિત ભાઈઓને પણ ભાવથી વંદના કરીશ, અને બાહુબલી વંદના કરવાના ભાવ સાથે એક પગલું ઉપાડે છે, ત્યાં જ તેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થઈ જાય છે.

એક વર્ષની કઠિન સાધનાથી જે પ્રાપ્ત નહોતું થતું તે કેવળજ્ઞાન અહમ્ શૂન્ય બની, વંદના કરવાના ભાવ માત્રથી પ્રાપ્ત થઈ ગયું ! આવી જબરજસ્ત ક્ષમતા હોય છે, સાચા ભાવની વંદનામાં !!

# અહોભાવથી આંખો ભીંજાઈ જાય, એવી હો મારી વંદના!



- પરમ ગુરુદેવ

વર્ષોથી આપણે પણ વંદનાની આરાધના તો કરીએ છીએ પણ વંદનાથી શું થાય? વંદનામાં પહેલા આવર્તન પછી ઝૂકવાનું- મસ્તક નમાવવાનું, કેમ ? વંદના શું કામ કરવાની ? કોને કરવાની ? ક્યારે કરવાની ? વંદનાનો હેતુ શું છે ? શું આ બધું આપ જાણો છો ?

જે વંદન માતા-પિતા અને વડીલોને થાય, તેને પ્રણામ અને નમસ્કાર કહેવાય. તેમાં વિનયનો ભાવ હોય, જ્યારે વંદના ગુરુ ભગવંતોને કરાય અને એમાં સમર્પણતાનો ઉત્કૃષ્ટ ભાવ હોય.

વિનય બધાંને હોય, સમર્પણતા એક માત્ર ગુરુ કે પ્રભુને હોય !

ગુરુચરણે વંદના અર્પણ કરતી વખતે સર્વ પ્રથમ, તમે **तिक्खुत्तो, आयाहिणं, पयाहिणं** ના ઉચ્ચારણ સાથે આવર્તનની action કરો છો. જોડાયેલાં બે હાથને જમણા કાનથી શરૂ કરી, જમણા કાન સુધી લઈ આવો છો, આ action તમે ત્રણવાર કરો છો.

તમારી આ action ક્યા emotionsને પ્રગટ કરવાની action છે ? આ action કરવા પાછળનો હેતુ શું છે ?

આવર્તનની actionના અનેક હેતુમાંથી એક હેતુ એ છે કે, આ action દ્વારા ભાવ પ્રગટ કરવાના છે.

હે ગુરુદેવ ! આપ મારા જીવનના કેન્દ્રસ્થાને છો, ભલે મારી કાયા ક્યાંય પણ હોય, ભલે હું સંસારના કોઈપણ સ્થાનમાં હોવું પરંતુ મારું મન તો આપના ચરણ-શરણમાં જ સમર્પિત છે.

બીજો હેતુ એ છે કે, આ action દ્વારા તમારે તમારી auraનું સ્નાન કરાવી, auraને શુદ્ધ કરવાની છે.

ગુરુની aura શુભ, શ્વેત અને positive હોય, જ્યારે સંસારીની auraમાં ક્યાંક રાગ-દ્વેષ હોય તો ક્યાંક ક્રોધ અને અહમ્ હોય તો ક્યાંક negativity હોય. આ aura વ્યક્તિના ભાવ પ્રમાણે secondના લાખમાં ભાગમાં બદલાઈ શકે એટલી એની speed હોય.

માટે જ, ગુરુની નજીક જતાં પહેલાં, એમના ચરણ સ્પર્શ કરવા જતાં પહેલાં, એમનાથી 3.5 foot દૂર ઊભા રહીને, જેને ગુરુનો અવગ્રહ કહેવાય છે, 'मे मि उग्गहं' કહી, એમની આજ્ઞા લેવાની હોય, જેથી સંસારીની black auraથી ગુરુની શુભ અને શ્વેત aura disturb ન થાય.

પ્રભુના સમયમાં પ્રભુ સમવસરણની મધ્યમાં બિરાજતા અને બધાં એમની ચારે તરફ પ્રદક્ષિણા કરતાં. જેમ જેમ પ્રદક્ષિણા થાય તેમ તેમ એમની aura શુદ્ધ અને positive થતી જાય અને પ્રભુની auraની અનુભૂતિ થતી જાય.

હવે, આ action ત્રણવાર કેમ કરો છો ?

ત્રણ આવર્તન દ્વારા ગુરુના જ્ઞાન, દર્શન અને ચારિત્રના અમૂલ્ય ગુણોને અહોભાવપૂર્વક વંદના કરી, ભાવના ભાવવાની હોય છે કે, હે ગુરુદેવ ! આપના જેવા ગુણો અમારામાં પ્રગટ થાય.

કોઇપણ વસ્તુ જ્યારે ત્રણવાર થાય છે, ત્યારે તે દૃઢ બની જાય છે, એક સંકલ્પ બની જાય છે, અને સંકલ્પ જ સિદ્ધિ સુધી લઇ જાય છે.

**वंदामि-** વંદામિની action છે મસ્તકને નમાવવું, મસ્તકને ઝૂકાવવું અને આ action દ્વારા ગુરુ પ્રત્યે અહોભાવ પ્રગટ કરવાનો હોય છે.

**नमंसामि-** જે ભૂમિ પર ગુરુના ચરણની રજ પડી છે, એ ભૂમિ પર મસ્તકનો સ્પર્શ કરાવવો અને નમસ્કારના ભાવ પ્રગટ કરવા.

હે ગુરુદેવ ! મારું ઉત્તમમાં ઉત્તમ અંગ, મારું મસ્તક આપના શ્રી ચરણોમાં અર્પણ કરું છું. આજથી હું મારી બુદ્ધિ, મારી દરેક મિથ્યા માન્યતા આપના ચરણોમાં અર્પણ કરું છું.

હે ભંતે! મારી બુદ્ધિ પ્રમાણે ચાલવાની મારી ઈચ્છાઓથી હું મુક્ત થઈ, આપની આજ્ઞા પ્રમાણે ચાલુ, એવી મારા પર કૃપા કરો.

જ્યારે તમારું મસ્તક ઝૂકેલું હોય, ભૂમિને સ્પર્શ કરતું હોય, ત્યારે અંતરમાંથી આવા ભાવ પ્રગટ થતાં હોય, આવા emotions પ્રગટ થતાં હોય તો માનજો કે યથાર્થ વંદના થઈ રહી છે.

**કોઈપણ વિધિની પાછળ શુદ્ધિનું લક્ષ્ય હોવું જોઈએ.**

'**नमंसामि**' નો અર્થ જ થાય છે કે, આજથી હું મારા મનને, 'ન-મન' કરી દઉં છું. આજથી મારા મનમાં રહેલી દરેક ઈચ્છાઓ, અપેક્ષાઓ, માન્યતાઓ અને મારા આગ્રહો અર્પણ કરી દઉં છું. હવે હું મારું મન ક્યાંય વાપરીશ નહીં, મારી બુદ્ધિ ક્યાંય વાપરીશ નહીં, મારી કોઈ ઈચ્છા કે આગ્રહ રાખીશ નહીં.

જ્યારે આવા ઉત્કૃષ્ટ પ્રકારના ભાવ પ્રગટ થાય ત્યારે અનંતા અશુભ કર્મોનો ક્ષય થઈ જાય છે.

**सक्कारेमि-** सक्कारेमि કહેતાં મસ્તક જમીનથી ઊંચું કરવાનું, ગોઠણભેર બેસી, જોડાયેલા બે હાથ ખોલી ગુરુદેવ તરફ દૃષ્ટિ કરી, વિનંતી સાથે ભાવ પ્રગટ કરવાના હોય,

હે ગુરુદેવ! હું આપનો સત્કાર કરું છું. આપ અમારા હૃદય આવાસમાં પધારો, આપના પાવન પગલાંથી અમારો આવાસ અને અમારા ભાવ પાવન થાય એવી ભાવના ભાવું છું. ગુરુદેવ! અહોભાવપૂર્વક આપનો સત્કાર કરું છું.

સત્કાર કરવો એટલે સત્ તત્ત્વનો સ્વીકાર કરવો. ગુરુના ગુણોનો, ગુરુના શુભ ભાવોનો, ગુરુની કલ્યાણકારી જીવનશૈલીનો સ્વીકાર કરવો.

હે ભંતે! આપના જેવા ગુણો, ભાવો, વિચારો અને આપના જેવું જ્ઞાન અમારામાં પ્રગટે એવી ભાવના ભાવું છું.

**सम्माणेमि-** ખૂલેલા હાથ બંધ થઈ જાય, ફરી જોડાઈ જાય અને મસ્તક અહોભાવપૂર્વક નમી જાય અને ભાવ પ્રગટ કરવાના હોય.

હે ગુરુદેવ! હું આપને સન્માન અર્પણ કરું છું.

હે ગુરુદેવ! હું આપને આપની સંયમ સાધનામાં યોગ્ય પાટ, પાટલાં, પાઢિયારું, પીઢ, ફલગ, સેજ્જા, સંથારો, ઔષધ આદિ વહોરાવવાની ભાવના ભાવું છું, આપને અર્પણ કરવાની ભાવના ભાવું છું. ગુરુદેવ! મને લાભ આપશો. મારા પર કૃપા કરશો.

**कल्लाणं-** હે ગુરુદેવ! આપ મારા માટે કલ્યાણરૂપ છો. હે ગુરુદેવ! આપ મારા રાગ-દ્વેષ, કષાયો અને અવગુણોને કાઢનાર કલ્યાણકારી છો.

જેમ મયુરના આગમનથી સર્પની વિદાય થાય, તેમ મારી lifeમાં આપના આગમનથી મારા અવગુણો અને કષાયોની વિદાય થાય એવી ભાવના ભાવું છું.

**मंगलं-** હે ગુરુદેવ! આપ મારા માટે મંગલરૂપ છો. હે ગુરુદેવ! આપના ચરણ શરણમાં રહીને હું મારા મમ્ ને અર્થાત્ અહમ્‌ને, મારા મમત્વભાવને અને મારા અધિકારભાવને ઓગાળવાની ભાવના ભાવું છું.

**देवयं-** હે ગુરુદેવ! આપ મારા માટે દેવરૂપ છો.

**चेइयं-** હે ગુરુદેવ! આપ મારા માટે જ્ઞાનરૂપ છો.

હે ગુરુદેવ! આપના સાંનિધ્યમાં હું મારા અજ્ઞાન અને અણસમજને દૂર કરવાની ભાવના ભાવું છું.

હે ભંતે! મારી સમર્પણતાનો, મારી વંદનાનો સ્વીકાર કરો અને મારી જ્ઞાન જ્યોત પ્રગટાવો!


**આંખો ભીની થાય... તો હૃદય વિશુદ્ધ થાય, આંખ ભીની થાય... તો સમજવું વંદના સાર્થક થઇ ગઇ!**

જ્યારે ઉપકારી ગુરુ પ્રત્યે અંતરમાંથી આવો ઉત્કૃષ્ટ અહોભાવ પ્રગટ થાય, ત્યારે આંખો ભીંજાયા વિના રહે નહીં.

**पज्जुवासामि-** મન, વચન અને કાયાથી આપની ઉપાસના કરું છું. આપની સેવા અને ભક્તિની ભાવના ભાવું છું.

**હે ગુરુદેવ, જ્યાં જ્યાં ચરણ આપના પડે, ત્યાં ત્યાં મસ્તક મારું ઝૂકે! આ અહોભાવ એ જ વંદનાની અર્પણતા છે.**

આવા ભાવો સાથે કરેલી વંદના આત્માને અંતે સિદ્ધિ અપાવવાની ક્ષમતા ધરાવે છે.



# દુર્ભાગ્યને પણ, સૌભાગ્યમાં પરિવર્તિત કરે, એવી હો મારી વંદના !



- પરમ ગુરુદેવ

ઘણીવાર એવું બનતું હોય છે કે, કોઈ વ્યક્તિ વિપત્તિમાં ફસાયેલી હોય ને અચાનક જ તેને ક્યાંકથી solution મળી જાય, કોઈ પરિસ્થિતિમાં ઘેરાય ગયા હોય અને અચાનક જ solution મળી જાય. એવું તે શું બને, જેના કારણે વ્યક્તિ દુર્ભાગ્યની વચ્ચે પણ સૌભાગ્યની અનુભૂતિ કરવા લાગે, bad luckની વચ્ચે પણ અચાનક એકાદ good luck એનો support બની જાય અને બગડતી પરિસ્થિતિ સુધરવા લાગે. અથવા બધું જ એકદમ સારું અને સુખમય હોય અને અચાનક જ બધું down થવા લાગે, પૂરે પૂરા good luck ચાલતા હોય અને અચાનક જ bad luck શરૂ થઈ જાય. શા માટે ?

ભગવાન કહે છે, આ બધું આપણી જ actionનું reaction હોય છે. Good action તો good reaction !!

દરેક વ્યક્તિ હંમેશા ઇચ્છતી હોય છે કે અમારા good luck કાયમ બની રહે. અમારી lifeમાં ક્યારેય દુર્ભાગ્ય ન આવે અને કર્મોના ઉદયે કદાચ આવે તો ટકે નહીં. અમને support મળી જાય અને અમારા દુર્ભાગ્ય સૌભાગ્યમાં બદલાઈ જાય.

Good luckને વધારવાનો એક ઉપાય છે વંદના !! દુર્ભાગ્યને સૌભાગ્યમાં બદલનારું એક પરિબળ છે, વંદના !

કોઈપણ વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં આવીને પહેલું કાર્ય શું કરે ? ત્યાં બિરાજમાન સંત-સતીજી કે ગુરુને વંદના કરે, પણ એ વંદના કેવી હોવી જોઇએ ?

જડ વંદના કે ચૈતન્યમય વંદના હોવી જોઇએ ?

જડ વંદનામાં માત્ર હાથ જોડાય છે અને શરીર વળે છે, જ્યારે ચૈતન્ય વંદનામાં હાથની સાથે heart પણ જોડાય છે અને શરીરની સાથે સમસ્ત અસ્તિત્વ પણ ઝૂકે છે.

**ચૈતન્ય વંદનામાં સંવેદના હોય, ભાવ હોય, અહોભાવ હોય અને આત્માની અનુભૂતિ હોય.**

ભાવસભર ચૈતન્ય વંદના અનંત કર્મોની નિર્જરા કરે છે અને પુણ્યના stockને વધારે છે. Good luckને વધારે છે અને bad luckને દૂર કરે છે, જેના કારણે અશક્યમાં અશક્ય કાર્ય પણ શક્ય થઈ જાય છે, ગમે તેવા problem solve થઈ જાય છે.

વંદના કરતી વખતે હાથ જોડવાની સાથે heartની feelings પણ હોવી જોઈએ.

> **વંદના**
> **એ શ્રેષ્ઠ સાધના છે,**
> **જેના દ્વારા નીચ ગોત્ર કર્મનો ક્ષય થઈ જાય છે અને ભવિષ્યમાં ઉચ્ચ ગોત્ર કર્મની પ્રાપ્તિ થાય છે.**

ધર્મક્ષેત્રમાં વ્યક્તિ ધર્મના ભાવથી જ જાય એવું જરૂરી નથી. ક્યારેક લોકો સ્વાર્થથી પણ જતા હોય છે અને સ્વાર્થ પૂરો થાય તો શ્રદ્ધા જાગતા ભાવથી જોડાઈ જતાં હોય છે અને ક્યારેક ભક્તિથી થયેલી શરૂઆત પણ પાછળથી સ્વાર્થી બની જતી હોય છે.

માટે યાદ રાખવું, જ્યાં આશા અને અપેક્ષા હોય ત્યાં આશીર્વાદ ક્યારેય ન ફળે.

ગુરુ કે પરમાત્માને ખબર જ હોય કે આ વ્યક્તિને આ સમયે કેવા પ્રકારના આશીર્વાદની જરૂર છે, એ તો માંગ્યા વિના જ આપતા હોય છે.

એક આત્મા
જ્યારે પરમાત્માને વંદન કરે
ત્યારે એ વિરાટ વ્યક્તિત્વ
પ્રત્યે વામનતાના ભાવો
પ્રગટ કરતાં વિચારે કે,
''ક્યાં આપનું ઉચ્ચત્તમ ચારિત્ર અને
ક્યાં હું પામર સંસારી !
ક્યાં આપની વીતરાગ અવસ્થા અને
ક્યાં મારી વિકાર ભાવ દશા !
ધન્ય છે આપને...
ક્યારે આવો અપૂર્વ અવસર
મારા જીવનમાં આવશે ?''
એક-એક વંદનામાં આવા હૃદયના
ઉત્કૃષ્ટ ભાવો અને આંખો
ભક્તિના જળથી
ભીંજાતી જતી હોય.
જેમ જેમ વંદના થતી જાય,
તેમ તેમ શરણભાવ પ્રગટ થતો જાય.

વંદના પ્રત્યેનો અહોભાવ જ વ્યક્તિનો વૈભવ હોય છે.

**વંદના વખતે જેટલી ભાવોની ઉત્કૃષ્ટતા એટલા જ દુર્ભાગ્યનું સૌભાગ્યમાં પરિવર્તન !**

## સૌભાગ્ય
## એનું જ સર્જાય છે, જેની વંદના ચૈતન્યમય હોય છે

**પથારીમાંથી આંખ ખુલતાં જ, જે પ્રભુના દર્શન કરે છે, જેના દિવસની શરૂઆત જ પ્રભુની વંદનાથી થાય તેનો દિવસ ભાગ્યશાળી હોય છે.**

જે પ્રભુ અને ગુરૂ વંદનાથી દિવસની શરૂઆત કરે છે, તેના bad luck વચ્ચે પણ ક્યાંકને ક્યાંક good luck સર્જાઈ જાય છે. તેના અશુભ કર્મોનું પણ શુભ કર્મોમાં સંક્રમણ થઈ જાય છે. આવી જબરદસ્ત તાકાત હોય છે વંદનામાં !

ભગવાને બતાવેલી આ શ્રેષ્ઠ સાધના છે પણ તેનો શ્રેષ્ઠ ઉપયોગ કેટલાં કરતાં હશે ? કેટલાં એવા હશે જેમની શરૂઆત પરમાત્માના ચરણને વંદના કરીને થતી હશે ? ગુરુના ચરણે વંદના કરીને થતી હશે ?

જેની સવાર સ્વાર્થની speedમાં શરૂ થતી હોય, તેનો દિવસ કેવી રીતે સુધરે અને જેની સવાર દેવ-ગુરુની નિ:સ્વાર્થ વંદનાથી શરૂ થતી હોય, પરમાત્માના દર્શનથી શરૂ થતી હોય, ગુરુના સ્મરણથી શરૂ થતી હોય તેનો દિવસ સુધર્યા વિના રહે જ નહીં.

ધર્મ ચાહે જે પણ હોય, પરમાત્મા ચાહે જે પણ હોય, એકવાર જે પોતાના દેવ-ગુરુને વંદના કરીને કાર્યની શરૂઆત કરે છે, દિવસનો પ્રારંભ કરે છે, તેને ક્યારેય વિપત્તિ આવતી નથી અને આવે તો ટકતી નથી.

**દેવ-ગુરુના ચરણોમાં માથું મૂકવું એ તો સહજ વંદના છે...**
**પણ ક્યાંય માથું ન મારવું એ સાચી વંદના છે.**
**માથું મૂકવું એ દ્રવ્ય વંદના છે...**
**અને માથું ન મારવું એ ભાવ વંદના છે.**

જે વંદના ભાવથી, અહોભાવથી અને નિ:સ્વાર્થતાથી થતી હોય એ વંદનાનું positive પરિણામ આવ્યા વિના રહે જ નહીં. તેના દસ problemsમાંથી પાંચ problems તો રાહતકારી થઈ જાય. આજના માનવીની માનસિકતા એવી છે કે એ problem સમયે સમતા રાખી શકે, એવી એની ક્ષમતા હોતી નથી, એટલે problem, problems કરી જાય છે પણ તેના માટે વંદના શ્રેષ્ઠ ઉપાય છે.

વંદનામાં દુર્ભાગ્યને પણ સૌભાગ્યમાં બદલી નાખવાની તાકાત છે, જો વંદના કરતી વખતે હાથની સાથે heart જોડાય તો !

જો વંદના કરતી વખતે ઉત્કૃષ્ટ ભાવ પ્રગટે કે, 'હે પ્રભુ ! ક્યાં તમે અને ક્યાં હું ?' તો આત્મા અને પરમાત્મા વચ્ચે અંતર ઘટ્યા વિના ન રહે !

**વંદનાની ઉત્કૃષ્ટતા જ સર્વ પ્રકારના વૈભવની વૃદ્ધિ કરાવનાર છે.**



# ગુણદીક્ષાનું પ્રાગટ્ય કરાવી જાય, એવી હો મારી વંદના!

- પરમ ગુરુદેવ



**પ્રભુપુત્ર... કોણ હોય આ પ્રભુપુત્ર ?**

જે પ્રભુ ધર્મનો આરાધક હોય, પ્રભુનો ઉપાસક હોય, પ્રભુના સિદ્ધાંતોનો અનુયાયી હોય, પ્રભુના શાસનનો રક્ષક હોય, પ્રભુના ધર્મની પ્રભાવના કરવાવાળો હોય, પ્રભુને સમર્પિત હોય, **એ હોય પ્રભુપુત્ર !**

## કેવો હોય પ્રભુપુત્ર ?

**પ્રભુપુત્ર એ હોય,**
**જેમની ચાલમાં વિનમ્રતા હોય,**
**જેમના નયનમાં નમ્રતા હોય,**
**જેમનો ચહેરો સૌમ્ય હોય,**
**જેમના વચનમાં મૃદુતા હોય,**
**જેમના રોમ-રોમમાં**
**પ્રભુ પ્રિયતા હોય,**
**જેમના હૃદયમાં ઋજુતા હોય,**
**જેમના વ્યવહારમાં**
**સૌજન્યશીલતા હોય,**
**જે એક હજાર વ્યક્તિની વચ્ચે**
**અલગ તરી આવે,**
**જેમને જોતાં જ જોનાર સમજી**
**જાય કે આ વ્યક્તિ**
**પ્રભુ સાથે connected છે.**

**પ્રભુપુત્ર એ હોય,** જેમને સાંભળતા જ સાંભળનારને realize થઈ જાય કે, નક્કી આ પ્રભુપુત્ર છે, પ્રભુનો અનન્ય ભક્ત છે.

**પ્રભુપુત્ર એ હોય,** જે પ્રભુના વચનોને માત્ર કાનથી સાંભળે નહીં, હૃદયથી ઝીલે અને આચરણમાં મૂકે.

જે પ્રભુના વચનોને માત્ર કાનથી સાંભળે છે એને વિસ્મૃત થતાં વાર નથી લાગતી અને જે પ્રભુ વચનોને હૃદયથી ઝીલે છે, એને જિન બનતાં વાર નથી લાગતી.

**પ્રભુપુત્ર એ હોય,** જેમને મળીને જે જાય એ વ્યક્તિ પોતાના માનસમાં એની એક અલગ જ image લઈને જાય.

**પ્રભુપુત્ર કોણ બની શકે ?**

પ્રભુપુત્ર કોઈપણ વ્યક્તિ, કોઈપણ શ્રાવક, કોઈપણ ભાવિક બની શકે. બધા કંઈ સંસારનો ત્યાગ કરીને પંચ મહાવ્રતધારી દીક્ષા નથી લઈ શકવાના, પણ સંસારમાં રહીને પણ પ્રભુના ગુણો ગ્રહણ કરવા રૂપ 'ગુણદીક્ષા' લે છે, તે પ્રભુપુત્ર બનવા પાત્રવાન બની જાય છે. જે ગુણદીક્ષા ગ્રહણ કરે છે, તેમની જીવનશૈલી જ કંઈક અલગ પ્રકારની હોય છે.

ગુણદીક્ષાનું પ્રાગટ્ય થાય છે, યથાર્થ વંદનાના ભાવમાંથી.

ગુણદીક્ષાનું પ્રાગટ્ય થાય છે, સાર્થક વંદના કરવાથી !

**યથાર્થ વંદના કેવી રીતે થાય ?**

યથાર્થ વંદના એટલે પહેલાં મન વંદના થાય પછી તન વંદના થાય. મનમાં પહેલા પ્રભુના, ગુરુના ગુણો પ્રત્યે અહોભાવ પ્રગટ થાય. હે પ્રભુ ! હે ગુરુ ભગવંત ! ક્યાં આપનું વિરાટ વ્યક્તિત્વ અને ક્યાં હું વામન વ્યક્તિ !

ક્યાં આપનું અનંત જ્ઞાન અને ક્યાં મારું અલ્પજ્ઞાન ! ક્યાં આપના અનંત ગુણોને ક્યાં મારા બે-ચાર ગુણો ! ક્યાં આપની અડગ મનની સહનશીલતા અને ક્યાં મારી નાનકડી સહનશક્તિ !

જેમ જેમ એમની વિરાટતા અને સ્વયંની સામાન્યતાનો અનુભવ થાય, તેમ તેમ એમના ગુણો પ્રત્યે અહોભાવ પ્રગટ થાય અને એ અહોભાવના કારણે પાંપણ ઝૂકી જાય, હાથ જોડાય જાય અને મસ્તક નમી જાય !

**અમે જ્યારે પ્રથમવાર તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના દર્શન કર્યા, ત્યારે અમારી અંદર એક bell વાગી, આજ સુધી અનેક સાધુઓના દર્શન કર્યા પણ તેઓ બધાંથી કંઈક અલગ છે. જેમ જેમ એમના સાંનિધ્યને માણતા ગયાં, એમના એક એક ગુણોને અમે જાણતા ગયાં, જેમ જેમ એમના ગુણોને અનુભવતાં ગયાં, તેમ તેમ અમારો એમના પ્રત્યેનો અહોભાવ ઉત્કૃષ્ટ થતો ગયો. જેમ જેમ અહોભાવ વધતો ગયો, અમારી વંદના, અમારી વંદનાના ભાવો અને વંદનાની એક-એક ક્ષણ ઉત્તમથી ઉચ્ચતમ થવા લાગી.**

આવો ઉત્કૃષ્ટ અહોભાવ આવે ક્યાંથી ?

જેમ જેમ તમે એમના ગુણોને જાણવા લાગો, એમની વિરાટતાને અનુભવવા લાગો, એમના આંતરિક સત્વને ઓળખવા લાગો, એમના પ્રત્યે અહોભાવિત થવા લાગો, એમના પ્રત્યેનો અહોભાવ એ વિનયરૂપી વૃક્ષના મૂળિયાં છે. જેટલા મૂળિયાં ઊંડા, એટલો વૃક્ષનો વિકાસ ઉત્તમ ! જેટલો અહોભાવ ઉત્કૃષ્ટ એટલો વિનય શ્રેષ્ઠતમ્ !

જેમ જેમ અહોભાવની વૃદ્ધિ થાય તેમ તેમ વિનયવૃક્ષ વિકસિત થતું જાય. જેમ જેમ વિનય વધે તેમ તેમ ધર્મ સાધનામાં પણ વિકાસ થતો જાય.

આ એક બહુ સમજવા જેવી વાત છે.

જ્યારે ગૌતમસ્વામી ભગવાન મહાવીર પાસે આવે, જ્યારે ચંદનબાળા પ્રભુ મહાવીરના સાંનિધ્યમાં આવે, ત્યારે એમની આંખો સમક્ષ પ્રભુની આકૃતિની image હોય કે પ્રભુના ગુણાકૃતિની image હોય ? આંખો સમક્ષ ભલે દેહાકૃતિ હોય પણ heartમાં તો પ્રભુની ગુણાકૃતિ જ હોય.

વ્યક્તિના ગુણોને જાણ્યા પછી, અંદરમાંથી અહોભાવ પ્રગટ થયાં પછી, સહજભાવે હાથ જોડાય જાય અને મસ્તક ચરણોમાં ઝૂકી જાય, એ વંદના કેવી હોય ?

એ વંદના કરવી ન પડે, થઈ જ જાય અને એને કહેવાય યથાર્થ વંદના !

જે વ્યક્તિની આવી વંદના થતી હોય, એની આંતરિક પરિણતીઓ કેવી હોય ? એના વાણી, વ્યવહાર અને વર્તન કેવા હોય ? એ હજારોની વચ્ચે અલગ તરી આવે કે નહીં ?

જે વ્યક્તિ પ્રભુના, ગુરુના ગુણો પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટ કરી, એમના જેવા ગુણોનું પ્રાગટ્ય કરવાનો પુરુષાર્થ કરે છે, તે પ્રભુપુત્રને પાત્રવાન બને છે અને ગુણદીક્ષિત થઈ સ્વયં સુખી થાય છે ને અન્યને સુખી કરે છે.

**યથાર્થ વંદના,**
**આત્મગુણોનું પ્રાગટ્ય કરાવે છે.**
**યથાર્થ વંદના,**
**અનુભૂતિપૂર્વકનો યથાર્થ ધર્મ ધરાવે છે.**

તમારે યથાર્થ ધર્મ કરવો છે કે અત્યાર સુધી કરતાં આવ્યાં છો એવો routine ધર્મ કરવો છે ? ધર્મ મળવો એ આપણા good luck છે અને યથાર્થ ધર્મ દ્વારા ધર્મની અનુભૂતિ કરવી, એ good luckને વધુ high કરવાની process છે, જેનું નામ છે વંદના !

**એક યથાર્થ વંદનામાં સાતમી નરકના કર્મોને ક્ષય કરવાની ક્ષમતા છે.**

એક યથાર્થ વંદના ગુણદીક્ષાનું પ્રાગટ્ય કરાવી શકે છે.

**જ્યાં સુધી...**
**heartમાં**
**પ્રભુની કે ગુરુની**
**ગુણાકૃતિ ન હોય,**
**ત્યાં સુધી...**
**થતી દરેક વંદના**
**માત્ર વ્યવહાર**
**વંદના હોય,**
**image**
**વંદના હોય.**




એક 80-85 વર્ષના વૃદ્ધ વ્યક્તિ વળીને, ઝૂકીને, બે હાથ જોડીને એક 20-21 વર્ષના વ્યક્તિને નમસ્કાર, વંદના કરતાં હોય એ દૃશ્ય કેવું ભાવવાહી હોય !

સાધુ-સંત કે ગુરુને વંદના-નમસ્કાર કરવાની પ્રણાલિકા માત્ર જૈન ધર્મમાં જ નહીં લગભગ બધાં જ ધર્મોમાં હોય છે.

એવું તે શું હોય છે કે દરેક ધર્મમાં એનું વિશેષ મહત્વ બતાવ્યું છે ? વંદના, નમસ્કાર, પ્રણામ શા માટે કરવાના ?

**એની પાછળનો હેતુ શું છે ?**

મોટા મોટા કરોડપતિ, ઉદ્યોગપતિ, રાજનેતા અને રાજા જેવી વ્યક્તિઓ પણ એક 20-21 વર્ષના સાધુ-સાધ્વીજીને ભાવથી ઝૂકીને વંદના કરે છે. શા માટે ?

વિનય કહેવાય માટે... પરંપરા છે માટે... બધા કરે છે.. માટે ?

કોઈ હાથ જોડે, કોઈ સાષ્ટાંગ પ્રણામ કરે, કોઈ મત્થએણ વંદામિ કહે, process કોઈપણ હોય પણ ભાવ દરેકમાં વંદનાનો જ હોય છે. કરે છે બધાં પણ ભાગ્યે જ કોઈને ખબર હશે, વંદના કરવાનું લક્ષ્ય શું હોય ? વંદનાનો હેતુ શું હોય ? વંદના કેવી હોવી જોઈએ ? વંદના કરતી વખતે આપણે આપણું મસ્તક સંતો, ગુરુ અને પરમાત્માના ચરણમાં શા માટે મૂકીએ છીએ ?

મસ્તકને 'ઉત્તમા' કહેવાય છે, 'ઉત્તમા' એટલે કે શરીરનું શ્રેષ્ઠ અંગ, દેહનું ઉત્તમ અંગ !

ચરણને 'કનિષ્ઠ' કહેવાય છે, કનિષ્ઠ એટલે કે શરીરનું સામાન્યમાં સામાન્ય અંગ, દેહનું તુચ્છ અંગ !

**વંદના કરતી વખતે, ગુરુના ચરણમાં મસ્તક મુકતી વખતે ભાવના એવી હોવી જોઈએ કે, મારું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ આપના સામાન્ય અંગ-ચરણ કરતાં પણ તુચ્છ છે. મારા શ્રેષ્ઠ અંગને આપના સામાન્ય અંગ પર મૂકવાનું સદ્ભાગ્ય મળ્યું, એ મારા પરમ સૌભાગ્ય છે.**

વંદના એ વ્યક્તિનો આંતરિક ભાવ છે, વંદના અહમ્ વૃદ્ધિને ઘટાડવાનો ભાવ છે, વંદનામાં શ્રેષ્ઠ અને સામાન્યના ભેદને સમજવાનો ભાવ છે. વંદનામાં ઉત્તમ અને તુચ્છ વચ્ચેના levelને અનુભવવાનો ભાવ છે.

વંદના એ અંતર ભેદને સમજવાનું માધ્યમ છે.

જેમને હું વંદના કરું છું, તે પાંચ મહાવ્રતના ધારક છે અને હું અણુવ્રતનો ધારક છું. તેઓ શ્રેષ્ઠ છે અને હું સામાન્ય છું. તેઓ પરમ છે અને હું પામર છું. તેઓ સંત છે અને હું શ્રાવક છું. તેઓ વિરાટ છે અને હું વામન છું. તેઓ મહાન છે અને હું ગમે એટલા વર્ષનો હોઉં છતાં એમના માટે તો નાનકડો બાળક જ છું.

આવો અંતર ભેદ સમજાય, ત્યારે વંદનામાં અહોભાવ આવે. આવો અંતર ભેદ ત્યારે જ સમજાય, જ્યારે વંદનાની સમ્યક્ સમજ હોય.

મોટાભાગે વંદના એક routine process થઈ ગઈ છે. એક વ્યવહારનું માધ્યમ બની ગઈ છે એટલે એમાં બાહ્ય ક્રિયા હોય છે પણ અંતર ભાવ નથી હોતો.

જ્યારે ગૌતમ સ્વામી, ભગવાન મહાવીરને પૂછે છે, હે ભંતે ! વંદના કરવાથી શું લાભ થાય ?

ત્યારે ભગવાન કહે છે, સમજ સાથે

અહોભાવપૂર્વક જે વંદના કરે છે તેને ઉચ્ચ કુળ મળે છે, ગર્ભશ્રીમંત પરિવારમાં તેનો જન્મ થાય છે. તેને ઉચ્ચ જાતિ, બળ, જ્ઞાન, રમ્ય રૂપ આદિ પ્રાપ્ત થાય છે. સમૂહની વચમાં પણ તેને શ્રેષ્ઠ સ્થાન અને સન્માન મળે છે. જય અને વિજય મળે છે.

જેની વંદનામાં વિનય હોય, નમ્રતા હોય, ભાવ હોય તેની ગતિ સામાન્ય કુળમાં નિશ્ચિત થઈ ગઈ હોય છતાં વંદનાના કારણે તેમાં ફેરફાર થઈ ઉચ્ચ કુળ પ્રાપ્ત કરી શકે છે. આવી ક્ષમતા હોય છે ભાવથી કરેલી વંદનામાં !

સાડા ત્રણ કરોડ રોમરાય રોમાંચિત થઈ જાય અને હૃદય અહોભાવથી સ્પંદિત થઈ જાય એવી વંદના કરનારને ભવિષ્યમાં ઉત્તમ પ્રકારનું ઐશ્વર્ય અને સર્વ પ્રકારની સુખ-સગવડતા અને સાનુકૂળતા પ્રાપ્ત થાય છે. એવા પ્રકારનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, જેના દ્વારા એ જે બોલે તેવું જ થાય. એને કોઈ હરાવી ન શકે કોઈ ડગાવી ન શકે. તેની lifeમાં કોઈ સમસ્યા કે સંઘર્ષ આવે, ત્યારે તેમાંથી તે સહજતાથી બહાર નીકળવાનો રસ્તો શોધી લે. તેની દુર્ગતિ પણ સદ્ગતિમાં પરિવર્તિત થઈ જાય.

**વંદના જ્યારે routine બને ત્યારે માત્ર એક ક્રિયા અને વિનય વ્યવહાર બનીને રહી જાય છે.**

ભાવ અને અહોભાવથી કરેલી એક વંદના અનેક લાભનું કારણ બને છે. એક વંદના અનેક પ્રકારના પુણ્યનું કારણ બને છે. એક વંદના અનેક પ્રકારના પાપ કર્મોના ક્ષયનું કારણ બને છે. એક જ વંદનામાં આત્માને પરમાત્મા બનાવવાની ક્ષમતા સમાયેલી છે.



## સુરક્ષા કવચનું સર્જન કરતી વંદના... સુદર્શન શ્રાવકની!

સ્વયં તીર્થંકર પ્રભુ મહાવીર નગરીમાં પધાર્યા હોય તો પ્રભુના દર્શન કરવા જવાનું મન કોને ન થાય ? પણ કોઈ જવા તૈયાર નથી, કેમ કે, બધાંને ભય છે, રોજની સાત સાત હત્યા કરનાર અર્જુન માળીનો !!

પણ એક વ્યક્તિ... પ્રભુના દર્શન કરવા જવા તૈયાર થાય છે, તે હોય છે, પ્રભુનો શ્રદ્ધાવાન ભક્ત સુદર્શન શ્રાવક ! તે કહે છે, **મારા પ્રભુ પધાર્યા હોય અને હું ઘરમાં બેસી રહું ?** ના.. ના ! અર્જુનમાળીને જે કરવું હોય તે કરે, હું તો મારા વીર પ્રભુ મહાવીરનો વંશ છું, હું તો મારા પ્રભુના દર્શન કરવા અવશ્ય જઈશ.

અને સુદર્શન શ્રાવક જાય છે. જેવા નગરની બહાર નીકળે છે, કે માર માર કરતો અર્જુનમાળી સામે આવે છે. પરિસ્થિતિનો સ્વીકાર કરી, સુદર્શન શ્રાવક ત્યાં જ પ્રભુનું સ્મરણ કરી, નમોત્થુણંની મુદ્રામાં બેસી, પ્રભુને અહોભાવથી વંદના કરે છે ! નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં,... નમો જિણાણં, જિય ભયાણં...

અર્જુનમાળી નજીક આવી અત્યંત ક્રોધથી કંપિત થઈ, પૂરા જોશથી મુદ્ગર ઉપાડી સુદર્શન શ્રાવકને મારવા જાય છે, પણ આ શું ? એનું મુદ્ગર ત્રણ feetની દૂરી પર જ નીચે પડી જાય છે. બીજીવાર વધારે ક્રોધ અને જોરથી ફેંકે છે. એ પણ સુદર્શન શ્રાવક સુધી પહોંચતું નથી, ધીમે ધીમે તે શાંત થવા લાગે છે અને નીચે બેસી જાય છે.

સુદર્શન શ્રાવકની વંદના અને સ્તુતિથી એમની આસપાસ એક સુરક્ષા ચક્ર સર્જાઈ ગયું હતું. મંત્રના divine powersથી એક એવું magnetic field સર્જાઈ ગયું હતું, જેને ભેદીને કોઈ અંદર ન જઈ શકે. અર્જુનમાળીનું મુદ્ગર પણ નહીં !!

અર્જુનમાળી પણ સુદર્શન શ્રાવક સાથે પ્રભુના દર્શન કરવા જાય છે અને ખૂનીમાંથી શાંત, સૌમ્ય મુનિ બની જાય છે. **આવી શ્રેષ્ઠ ક્ષમતા હોય છે, પ્રભુ શરણમાં કરેલી વંદનામાં !**



# મને પ્રભુમય બનાવે એવી હો મારી વંદના!

- પરમ ગુરુદેવ



વંદના સાર્થક ત્યારે જ થાય, જ્યારે right process, right emotionsથી કરેલી વંદનાનું right result આવે.

વંદનાનું result યોગ્ય ત્યારે જ આવે, જ્યારે પ્રભુના વચનો શ્રવણ કરી, સમયના પ્રવાહમાં સ્નાન કરતાં કરતાં આત્મા સિદ્ધ થતો જાય.

**માનો કે, તમે તમારા મિત્રના ઘરે ગયાં છો. મિત્રની દીકરી ફટાફટ હાથમાં પાણીનો glass લઈને આવે છે અને ધબ દઈને tipoy પર મૂકીને ચાલી જાય છે. થોડીવાર પછી એ જ મિત્રની પુત્રવધૂ ધીમા પગલે trayમાં juiceનો glass લઈને આવે છે અને એકદમ વિનયપૂર્વક તમને juice આપે છે અને એ સમયે પણ એની આંખોમાં 'juice ગ્રહણ કરો', એવો વિનંતીનો ભાવ હોય છે. તમારું મન તરત જ judgement આપે છે, Yes! આ પુત્રવધૂ પ્રભુપુત્ર લાગે છે, વંદના કરવાવાળી લાગે છે. વંદના કરવાવાળી વ્યક્તિનો વિનય, વિનમ્રતા અને વ્યવહાર અલગ જ હોય એના બધા કાર્યો અને બધી પ્રવૃત્તિઓ શાંતિથી થતી હોય.**

ભગવાને કહ્યું છે, તમે કોઈપણ પદાર્થ લ્યો અથવા મૂકો ત્યારે એટલી સાવધાની અને સાવચેતીથી રાખો, જાણે તમે નાનકડાં બે મહિનાના બાળકને લ્યો છો અને મૂકો છો, કેમ કે, યોગનો એટલે કે મન, વચન અને કાયાનો વિનય તમારા કર્મબંધન અટકાવે છે, જ્યારે યોગનો અવિનય તમારા કર્મબંધનને વધારે છે.

તમારા સંસારને સુખી કરવાનો ઉપાય પણ તમારા યોગ વિનયમાં રહેલો છે. યોગ વિનય આવે છે વંદનામાંથી!

> **વંદના માત્ર બે ક્ષણ... કે અમુક ક્ષણ માટે કરવાની ક્રિયા નથી પરંતુ હર ક્ષણ ઉપકારભાવનું વેદન કરી... ક્ષણે-ક્ષણે ભાવથી કરવાનો વિષય છે.**

જે વ્યક્તિ right wayથી, right processથી, right emotions સાથે વંદના કરતી હોય તેના યોગો ઉપશાંત થવા લાગે અને કોઈપણ ક્ષેત્રમાં જાય, કોઈપણ કાર્ય કરે ત્યારે તેના અંદરમાં રહેલો મન, વચન અને કાયાનો વિનય છલકાતો હોય.

જે આવા ભાવથી વંદના કરે, જે આવા ભાવથી પ્રભુ કે પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીના ચરણમાં મસ્તક મૂકે તે જગતના કોઈપણ સ્થાનમાં જાય સફળતાને જ પામે.

જે વ્યક્તિની વંદના સાર્થક થાય છે, તેનું મન હંમેશા શાંત અને સમાધિભાવમાં હોય છે. તે બધાંના પ્રીતિપાત્ર હોય છે. તેમને ભાગ્યે જ તનના કોઈ રોગ થાય છે. તે હંમેશા relax હોય છે, ચિંતામુક્ત હોય છે. એનો પરિવાર સુખી હોય છે.

આજે લોકોની life style એવી થઈ ગઈ છે, એમાં ક્યાંય મસ્તક જમીનને touch થાય એવું આવતું નથી એટલે heartની અને pressureની બીમારી વધારે થાય છે.

વંદનાના ઘણા લાભ છે, શારીરિક-માનસિક અને આધ્યાત્મિક! પણ ખોટ એ છે કે તમે એના result સુધી પહોંચતા નથી. Resultને જોવા લાગો તો તમારી વંદના સાર્થક થઈ જાય! જો તમારી વંદના સાર્થક થઈ જાય તો તમારી જીવનશૈલી અલગ થઈ જાય. તમે બધાંમાં અલગ તરી આવો.

યથાર્થ અને સાર્થક વંદના કરવાવાળી વ્યક્તિ પ્રભુપુત્રની અનુભૂતિ કરાવી દે, પ્રભુપાત્રની અનુભૂતિ કરાવી દે અને પ્રભુ પરિવારની અનુભૂતિ કરાવી દે. વર્તમાન પંચમ આરામાં તમને જોઈને જો કોઈને પ્રભુના દર્શન થવા લાગે તો સમજી લેજો, માત્ર તમારી વંદના જ નહીં તમારો ભવ પણ સાર્થક થઈ ગયો. યથાર્થ વંદના કરનાર વ્યક્તિમાં મન, વચન અને કાયાનો સંયમ આવી જાય. તેની ચાલમાં નિડરતા અને નિર્ભયતાની સાથે નમ્રતા આવી જાય. તેના વચનો અહંકાર રહિત થઈ જાય.

સંયમ બધાં લઈ શકતાં નથી પણ મન, વચન અને કાયાનો સંયમ તો લઈ શકાય ને ? એના માટે વેશ પરિવર્તનની નહીં સ્વભાવ પરિવર્તનની જરૂર પડે, ગુણોના પ્રાગટ્યની જરૂર પડે અને ગુણોનું પ્રાગટ્ય કરાવે છે યથાર્થ વંદના અને સાર્થક વંદના, જે તમને પ્રભુપુત્ર બનાવી દે છે.

**વંદના કરનાર વ્યક્તિનું મસ્તક જમીનને touch થાય છે ત્યારે brainને fresh blood અને oxygen મળે છે, જેના કારણે મગજ active અને powerful રહે છે. માટે જ, વંદના કરવાવાળી વ્યક્તિને ભવિષ્યમાં Alzheimer's જેવી યાદશક્તિ ગુમાવવાની બીમારી નથી થતી.**

**તમને જોઈને,**
**તમારા ગુણધર્મોને જોઈને,**
**જો આ કાળમાં પણ કોઈને**
**પ્રભુની યાદ આવી જાય**
**તો સમજી લેજો,**
**તમે પ્રભુપુત્ર છો,**
**પ્રભુનું પાત્ર છો,**
**તમે પ્રભુ પરિવારના છો**

## પળમાં... કેવળજ્ઞાન અપાવી જાય એવી વંદના, ભરતમહારાજાની!



ભરત ચક્રવર્તી મહારાજે એવા સેવકો રાખ્યાં હતાં, જે દરરોજ સવારે પરમાત્મા ઋષભદેવના સમાચાર લાવતાં.

રોજ રોજ સંદેશાવાહક પ્રભુના સમાચાર લાવે અને પ્રભુના સમાચાર કાનમાં પડતાં જ મહારાજા ભરત રાજસિંહાસન પરથી નીચે ઉતરી સાત-આઠ ડગલાં આગળ આવે અને ભરેલાં રાજદરબારની વચ્ચે, જમીન ઉપર નમોત્થુણંની મુદ્રામાં બેસે અને નમોત્થુણંની સ્તુતિ દ્વારા અત્યંત અહોભાવ સાથે. પ્રભુને પ્રાર્થના કરે, **હે પ્રભુ ! હું કમભાગી છું કે હું આપના પ્રત્યક્ષ દર્શન નથી કરી શકતો, પણ પ્રભુ હું આપને હૃદયના ભાવથી ભાવ વંદના અર્પણ કરું છું, પ્રભુ ! મારી વંદનાનો સ્વીકાર કરજો !**

ભરતરાજાનો આવો પ્રભુપ્રેમ અને ઉત્કૃષ્ટ વિનયભાવને આખો રાજ દરબાર જોતો જ રહી જાય. વંદના અર્પણ કરી ભરત રાજા સૌથી પ્રથમ પોતાના ગળામાં પહેરેલ મૂલ્યવાન હાર કાઢે અને બે હસ્તથી વિનયપૂર્વક સેવકને અર્પણ કરતા કહે, 'તમે મને આજ મારા પ્રભુના સમાચાર આપ્યાં, તમે મારા પ્રભુના ભાવ દર્શન કરાવ્યાં, તમે મારા પરમ ઉપકારી છો.'

આવી યથાર્થ વંદનાનું પરિણામ શું આવ્યું ? સ્વયંના આત્મગુણોનું પ્રાગટ્ય થવા લાગ્યું અને માટે જ, અરિસાભવનમાં હાથની આંગળીમાંથી એક નાનકડી વીંટી પડી અને એક જ પળમાં સત્ય પ્રગટ થઈ ગયું અને ત્યાં ને ત્યાં જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ !



# દેવલોકના દેવો જેવી નમ્ર હોય પંચમહાવ્રતધારીને મારી વંદના!

- પરમ ગુરુદેવ



નમસ્કાર કોને કરવા જોઈએ ? નમવું કોની સમક્ષ જોઈએ ? વંદના કોને કરવી જોઈએ ?

**ભગવાને કહ્યું છે; નમસ્કાર યોગ્યને હોય. નમવું, ઝૂકવું યોગ્ય વ્યક્તિ સમક્ષ હોવું જોઈએ.**

અયોગ્ય વ્યક્તિને નમસ્કાર કરવા એટલે અયોગ્યની અયોગ્યતાને વધારવી. તમારામાંથી મોટાભાગના લોકોનો અનુભવ હશે કે, સંસારના ક્ષેત્રમાં તમે જેમની સમક્ષ નમતા હશો, જેમની સાથે નમ્રતાથી વાત કરતા હશો એ વ્યક્તિ તમારી સાથે વધારે અક્કડતાથી વાત કરતી હશે.

યોગ્યને સો વાર નમસ્કાર કરવા પણ અયોગ્યને એકવાર પણ નમસ્કાર ન કરવા.

એક દિવસ દેવલોકના દેવ ઈન્દ્ર જેમની પાસે અઢળક સમૃદ્ધિ છે, જેમની નીચે કરોડો દેવો છે, એવા ઇન્દ્રદેવ ભગવાન મહાવીરના દર્શન કરવા આવે છે. ભગવાનને નમી-નમીને, ઝૂકી-ઝૂકીને વંદન-નમસ્કાર કરે છે.

યાદ રાખજો, સમજુ પાસે ગમે તેટલી સમૃદ્ધિ હોય, એનામાં નમ્રતા હોય. અણસમજુ પાસે જરાક કાંઈક હોય તો પણ એનામાં અહંકાર હોય.

ઈન્દ્ર મહારાજ ભવ્ય દેવલોકથી, અસંખ્ય યોજન દૂરથી, પ્રભુના દર્શન કરવા આવે છે અને અત્યંત અહોભાવથી પ્રભુને વંદન-નમસ્કાર કરે છે.

**પ્રભુના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ સ્વામી, પ્રભુને પૂછે છે, હે ભંતે ! આટલા અહોભાવથી આપને વંદના કરે છે, એ કોણ છે ?**

**પ્રભુએ કહ્યું; આજે મને વંદના કરનાર એ વ્યક્તિ છે, જેમને ગયા ભવમાં સમજ હતી કે, મારે કોને વંદના કરાય અને કોને વંદના ન કરાય.**

ગયા ભવમાં એ એક શ્રેષ્ઠીવર્ય હતાં. એમણે 20માં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીને વંદના-નમસ્કાર કરી એક પ્રતિજ્ઞા કરી હતી. એક સંકલ્પ ગ્રહણ કર્યો હતો કે, હે પ્રભુ ! આજથી હું એમને જ વંદના-નમસ્કાર કરીશ, જેમણે પાંચ મહાવ્રત ધારણ કર્યા હશે, જેમણે પાંચ મહાવ્રતોનો સ્વીકાર નહીં કર્યો હોય, એમને હું ક્યારેય નમસ્કાર નહીં કરું. એમની સામે હું ક્યારેય મારું મસ્તક નહીં નમાવું. પ્રભુ ! સૌજન્ય સર્વ પ્રત્યે રાખીશ પણ પ્રભુ ! મારું મસ્તક એમના જ ચરણોમાં ઝૂકશે જે પ્રભુના હોય, પ્રભુ જેવા હોય અને પંચ મહાવ્રતધારી હોય. એ સિવાય સંસારની એક પણ વ્યક્તિ સમક્ષ હું મારું મસ્તક નમાવી એમને વંદન-નમસ્કાર નહીં કરું. શ્રેષ્ઠીની આવી દૃઢ પ્રતિજ્ઞાની વાત આખા નગરમાં પ્રસરી ગઈ.

જ્યાં પ્રતિજ્ઞા હોય, ત્યાં પરીક્ષા પણ હોય. પ્રતિજ્ઞા લ્યો એટલે કસોટી આવે જ !

એવું જ બન્યું આ શ્રેષ્ઠી સાથે !

શ્રેષ્ઠીએ પ્રતિજ્ઞા લીધી અને થોડાં જ દિવસમાં તે નગરમાં એક તાપસ આવ્યાં. એમણે સાંભળ્યું કે આ શ્રેષ્ઠીનું મસ્તક માત્ર જિનેશ્વરને અને જિનેશ્વરના પંચમહાવ્રતધારી સાધુ-

સાધ્વીજીને જ નમે છે, એમના સિવાય એમનું મસ્તક ક્યાંય નમતું નથી, ક્યાંય ઝૂકતું નથી.

તાપસે નિર્ણય કર્યો, મારે આ શ્રેષ્ઠીને મારી સમક્ષ ઝૂકાવવો છે, નમાવવો છે, પણ એમને નમાવવા કેવી રીતે ? એટલે તાપસે તે નગરના રાજાને ખુશ કરવાનો plan કર્યો. તેમણે રાજાનું દિલ જીતવા અનેક પ્રયોગો કર્યા અને એક દિવસ રાજાનું દિલ જીતી લીધું. રાજા તાપસના વ્યવહાર વર્તનથી પ્રસન્ન થયાં અને તાપસને કહ્યું, તમારે શું જોઈએ છે ? તમારે જે જોઈએ તે માંગો, તમારી જે ઈચ્છા હોય તે કહો.

તાપસની તો એક જ ઈચ્છા હતી, શ્રેષ્ઠીને નમાવવા! એટલે એમણે કહ્યું, રાજન! મને આપના નગરમાં જે કાર્તિક નામના શ્રેષ્ઠી છે, એમની પીઠ ઉપર ખીર રાખીને પારણું કરવું છે.

રાજા કેવા હોવા જોઈએ ? રાજા એ હોય જેનામાં ન્યાય-અન્યાયને સમજવાનો વિવેક હોય.

તમે જ્યારે fast decision લ્યો ત્યારે એનું result perfect આવે કે defectવાળું આવે ? Defectવાળું આવે. Fast decision પછીના જે reactions આવે, એ પણ થોડાં સમય માટેના નથી હોતા, લાંબા સમય માટેના હોય છે. માટે જ, તમે જે પદ પર હો, જે સ્થાન પર હો, તમને પરિસ્થિતિને balance કરતાં આવડવી જોઈએ. એ માટે તમારે તમારા બંને કાન ખુલ્લાં રાખવા જોઈએ અને બંને પક્ષને સાંભળવા જોઈએ, પછી જ નિર્ણય લેવો જોઈએ.

આ તો રાજા હતા અને તાપસથી પ્રસન્ન હતા. એમણે તરત જ કાર્તિક શેઠને ત્યાં સેવકને મોકલ્યા અને સેવકે કહ્યું, રાજાનો આદેશ છે, તમે રાજદરબારમાં હાજર થાઓ.

કાર્તિક શેઠને સમજાઈ ગયું કે, મારી પ્રતિજ્ઞા તોડવાનો તાપસનો plan સફળ થયો લાગે છે અને આ તો રાજાનો આદેશ હતો એટલે માનવું તો પડે. રાજદરબારમાં જવું તો પડશે.

જે વ્યક્તિએ ધર્મનો સ્વીકાર કર્યો હોય, એની ક્યાંકને ક્યાંક કસોટી તો થાય જ ! ધર્મને હંમેશા પરીક્ષા આપવી પડે, અધર્મને ક્યારેય પરીક્ષા આપવી ન પડે. તમારી lifeમાં ધર્મ કરતી વખતે જો problems આવે તો સમજજો તમે પરમાત્માની દિશામાં છો.

રાજાનો આદેશ હતો એટલે કાર્તિક શેઠ રાજ દરબારમાં જવા તૈયાર થઈ જાય છે પણ એ જ સમયે મનમાં સંકલ્પ કરે છે, જ્યાં સુધી આ સંસારમાં છું, ત્યાં સુધી મારે આ મસ્તક કોઈની આગળ ઝૂકાવવું પડે છે.

**જો હું આ સંસાર છોડી દઉં તો, જો હું પંચમહાવ્રતધારી સાધુ બની ગયો હોત તો શું રાજા મને આવો આદેશ આપત ? એટલે આજે હું સંકલ્પ કરું છું કે, જેવા પ્રભુ નગરમાં પધારશે, હું પ્રભુની પાસે સંયમનો સ્વીકાર કરી લઈશ.**

એવું કહેવાય છે કે, એમને રાજ દરબારમાં લાવવામાં આવ્યાં. એમને નમવું ન હતું, એમને ઝૂકવું ન હતું, એમની અંદરથી બહુ જ તકલીફ થતી હતી કેમ કે, એમણે પ્રતિજ્ઞા લીધી હતી કે આ મસ્તક પ્રભુને અને પ્રભુના પંચમહાવ્રતધારી સિવાય કોઈની સમક્ષ નહીં ઝૂકે. 'હું સૌજન્યથી બધાં સાથે પૂજનીય વ્યવહાર રાખીશ, પરંતુ વંદના તો એમને જ કરીશ, જે પ્રભુ હોય અથવા જેમણે પ્રભુના પાંચ મહાવ્રત સ્વીકાર્યા હોય.'

જ્યારે આદેશ થયો, ઝૂકો ! ત્યારે એમની આંખોમાં અત્યંત વેદના હતી. એણે તાપસને રાજાની સામે ઊભા રહેવાનું કહ્યું. જેવા તાપસ રાજાની સામે ઊભા રહ્યાં, શ્રેષ્ઠીએ રાજા સમક્ષ મોઢું રાખ્યું. જેવું રાજા સમક્ષ મોઢું રાખ્યું એટલે automatic પીઠ તાપસ તરફ થઈ ગઈ.

તાપસ શ્રેષ્ઠીની ચતુરાઈ સમજી ગયાં. તાપસ સમજી ગયાં કે આ વણિકે પોતાની બુદ્ધિને બરાબર વાપરી છે. વણિક એ જ હોય, જેને ગમે તેવી પરિસ્થિતિમાંથી રસ્તો કાઢતાં આવડે.

જેવી ગરમાગરમ ખીર એમની પીઠ પર મૂકવામાં આવી, એમને ભયંકર વેદના થતી હતી પણ એ વેદનાની વચ્ચે પણ એમણે પ્રભુને કહ્યું, **પ્રભુ! હું તમને નમસ્કાર કરું છું. હું જે કંઈ સહન કરું છું એ આપના ધર્મની પ્રતિજ્ઞા માટે જ સહન કરું છું. પ્રભુ! મને સદાય તમારું શરણ મળજો.**

યોગ્યને વંદના કરવાની, પ્રભુ અને પ્રભુના પંચમહાવ્રતધારીઓને જ વંદના કરવાની એક પ્રતિજ્ઞાના કારણે આજે એમને દેવલોકના દેવોના ઈન્દ્રનું શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થયું છે આટલી સમૃદ્ધિ અને કરોડો દેવોના દેવ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

जस्संतिए धम्मपयाइं सिक्खे,
तस्संतिए वेणइयं पउंजे।
सक्कारए सिरसा पंजलीओ,
कायग्गिरा भो मणसा य णिच्चं।।

**• ભાવાર્થ •**

શિષ્યનું કર્તવ્ય છે કે,
જે ગુરુની પાસેથી ધર્મશાસ્ત્રના ગૂઢ રહસ્યો શીખ્યા હોય
તે ગુરુનો યથાયોગ્ય વિનય કરે,
મસ્તકે અંજલી જોડી તેમને પ્રણામ કરે,
વચનથી તેમનો સત્કાર કરે અને કાયાથી તેમની સેવા કરે,
આ રીતે હંમેશાં મન, વચન અને કાયા,
તે ત્રણે યોગોથી ગુરુનો સત્કાર કરે.


**શ્રી દશવૈકાલિક સૂત્ર**

અધ્યયન - 9, ઉદેશક - 1

ગાથા - 12



# વાહ રે! વંદના... વાહ! તારા Benefits !




માનવ મનની માનસિક્તા હોય છે, જ્યાં ક્યાંક લાભ દેખાય, ત્યાં તે કરવા પ્રેરિત થાય.
પ્રભુએ દર્શાવેલી વંદનામાં તો spiritual benefits સાથે શારિરીક benefits પણ એટલાં જ છે.
શ્રદ્ધા, અહોભાવ, વિશ્વાસ અને વિધિ સાથે નિયમિત
દેવ, ગુરુ, ધર્મને **9, 27, 108 વંદના** કરવાથી, જુઓ, તમને કેવા કેવા શ્રેષ્ઠ benefits થાય છે...

## ...Spiritual Benefits...

Aura શુદ્ધ અને શુભ થાય છે
વંદના અસ્તિત્વને ઓગાળી દે છે
Ego zero થાય અને વિનયની વૃદ્ધિ થાય છે
અશુભ કર્મોનું શુભ કર્મોમાં સંક્રમણ થઈ જાય છે
આત્મગુણોનું પ્રાગટ્ય થાય, શરણ ભાવ પ્રગટ થાય છે
નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે, ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે
**ગુરુની શ્રેષ્ઠતા અને સ્વયંની શૂન્યતાનો અનન્ય અહેસાસ થાય**
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે, આદેય નામ કર્મનો ઉદય થાય છે
પ્રકૃતિ પર પણ વિજય પ્રાપ્ત કરી શકો એવા પરમ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે


## ...શારિરીક Benefits...



Fresh blood મસ્તક સુધી પહોંચવાથી,
જ્ઞાનની વૃદ્ધિ થાય.
ક્યારેય શબ્દોની shortage ન પડે !




Body fit
અને fine રહે.




Decision power અર્થાત્
નિર્ણાયક શક્તિ strong થાય !



Knees અને કમરનો
દુ:ખાવો ન થાય.



Hormonal
imbalance ન થાય !



ભવિષ્યમાં Alzheimers
થવાની શક્યતા ન રહે.

**'વંદના જો શુદ્ધિના લક્ષ્ય સાથે થાય, તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય.'**



# I am Right...

# No, I am Right!



**એક દિવસ નીચે compoundમાં બે friends**
**દિવ્યમ અને વિરાંશી કોઈ વાત પર arguments કરી રહ્યાં હતાં.**

**દિવ્યમ : I am right...**

**વિરાંશી : No, I am right...** મારા મમ્મીએ મને આમ જ કરવાનું કહ્યું છે. So, I am right!

**દિવ્યમ :** મારા Dad એ મને આમ શીખડાવ્યું છે. So, I am right !

**દિવ્યમ અને વિરાંશી, 'I am right... I am right'ની fight કરતાં હોય છે, ત્યાં જ એમના neighbour દીદી આવે છે અને બંનેને પૂછે છે,**

**કેમ તમે બંને fight કરો છો ?**


**દિવ્યમ :** દીદી ! અમે બંને અહીંયા રમતાં હતાં, ત્યાં જ અહીંથી બે મહાસતીજી પધાર્યાં એટલે મેં એમને 'મત્થએણ વંદામિ' કહી વંદના કરી.

**વિરાંશી :** દીદી ! એને વંદના થોડી કહેવાય ? વંદના તો **'તિક્ખુત્તો'**ના પાઠથી કરાય અને મેં એવી વંદના કરી, એટલે I am right!

**Oh! એની fight છે. Okay! હું કહું છું, You both are right, તો ?**

**દિવ્યમ : એ કેવી રીતે** possible **કહેવાય દીદી ?**

**ચાલો, તમે બંને પહેલાં શાંત થઈ જાવ અને મારા ઘરે ચાલો, હું તમને સમજાવું છું.**
**બધાં દીદીના ઘરે જાય છે.**





**જે સમયે જેવા સંયોગો હોય, એ પ્રમાણે એવી વંદના કરાય.**

**વંદના ત્રણ પ્રકારે કરી શકાય.**

**એક હોય જઘન્ય વંદના !**

જઘન્ય એટલે નાની વંદના જે અહોભાવથી અલ્પ સમયમાં થાય. જેમ કે, માનો કે, તમે ક્યાંક જઈ રહ્યાં છો અને રસ્તામાં તમને કોઈ પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીના દર્શન થાય છે, ત્યારે **'જઘન્ય'** વંદના કરાય.



1. Small વંદના

જેમાં ચપ્પલ ઉતારી, બે હાથ જોડી, અહોભાવથી મસ્તક ઝૂકાવી **'મત્થએણ વંદામિ,'** કહીને વંદના કરાય.

**દિવ્યમ :** Yes didi, અમે પાલીતાણા જતાં હતાં, ત્યારે અમને મહાસતીજી મળ્યાં અને મારા dad એ એમને 'મત્થએણ વંદામિ' કહ્યું અને મને કહ્યું, આને 'વંદના' કહેવાય. See, Viranshi, I am right!!

**Wait, બીજા પ્રકારની વંદનાને 'મધ્યમ વંદના' કહેવાય, જે 'તિક્ખુત્તો'ના પાઠથી three times કરાય.**



2. Medium વંદના

**વિરાંશી :** Hey... Hey... I am right!!
મારા મમ્મી સાથે હું ઉપાશ્રય ગઈ, ત્યારે મમ્મીએ 'તિક્ખુત્તો'થી વંદના કરી હતી અને મને પણ શીખડાવી હતી.

**Now clear... You both are right!!**

**વિરાંશી : દીદી, ત્રીજા પ્રકારની વંદના કઈ હોય ?**

**ત્રીજા પ્રકારની વંદનાને 'ઉત્કૃષ્ટ વંદના' કહેવાય, જે ગુરુની સમક્ષ ઉભડક આસને બેસી, ઉત્કૃષ્ટ અહોભાવ સાથે two times કરાય.**



3. Big વંદના

**વિરાંશી :** Thank You didi...
આપે અમારી rightની fightને clear કરી દીધી.

**One more thing...**
**વંદના જે પણ કરો, શુદ્ધ ઉચ્ચારણથી અને શુભ ભાવથી કરવાની હોય, નહીં તો એનો meaning જ change થઈ જાય !**

**વિરાંશી : Means ??**

ઘણાં મત્થએણ વંદામિના બદલે fast fastમાં શું બોલે ?
મત્થેણં વંદામિ ! !
શેઠજી વડાં ખાય છે, એને તમે fast fast બોલો તો શું થઈ જાય !
શેઠ જીવડાં ખાય છે, right!!

**દિવ્યમ વિરાંશી : હા... હા... હા...**

**વંદના એ વિનય છે, પણ ક્યા સમયે, ક્યા સંજોગોમાં કઈ વંદના કરવી એ વિવેક છે.**

ગુરુદેવનું પ્રવચન ચાલતું હોય અને તમે late પહોંચીને **'તિક્ખુત્તો'**ના પાઠથી ત્રણવાર વંદના કરો, એ યોગ્ય કહેવાય ?
નહીં ને ! Because, એનાથી ગુરુદેવનું ધ્યાન અને એમની ભાવધારા disturb થાય અને પ્રવચન સાંભળનારાઓનું ધ્યાન પણ disturb થાય અને આપણને અશાતનાનું પાપ લાગે.
માટે એ સમયે ખૂબ જ ભાવથી બે હાથ જોડી, મસ્તક નમાવી, મનમાં જ 'મત્થએણ વંદામિ' બોલી ચૂપચાપ બેસી જવાનું હોય.

**દિવ્યમ :** દીદી, once again thank you very much,
દીદી ! હું આ મારા dadને પણ કહીશ.

**વિરાંશી :** અને હું પણ મારા મમ્મીને સમજાવીશ કે વંદના ત્રણ પ્રકારે થાય. Thank you didi!

**જો તમે Look N Learnમાં આવો,**
**તો તમને આવું ઘણું બધું જાણવા મળે**
**અને best part કે અધૂરી સમજના કારણે**
**તમારે કોઈની સાથે**
**'I am right'ની fight ન થાય !**





**પ્રભુના પ્રથમ ગણધર**
**બનાવતી વંદના..**
## ગુરુ ગૌતમ સ્વામીની!

**ગૌતમ સ્વામી જ્યારે પ્રભુને વંદના કરતાં હતાં, ત્યારે કેવી રીતે કરતાં હતાં ?**

**ગૌતમ સ્વામી સૌથી પ્રથમ પ્રભુની સમક્ષ ઊભા રહી, પાંપણ ઝૂકાવી પ્રભુને પ્રણામ કરતાં હતાં.**

એક તરફ પાંપણ ધીમે ધીમે ઝૂકતી હતી અને બીજી તરફ બે હાથ ધીમે ધીમે જોડાતાં હતાં, સાથે સાથે એમના મન, વચન અને કાયાના યોગો પ્રભુ પ્રત્યે અત્યંત અહોભાવ અનુભવતાં હતાં, તેઓ અત્યંત પણે પ્રભુ પ્રત્યે પ્રીતિવાન બનતાં હતાં, પ્રભુ પ્રત્યે પ્રિયતા અને પૂજ્યતાનો અહેસાસ કરતાં હતાં, પ્રભુ પ્રત્યે સત્કાર અને સન્માનનો ભાવ અનુભવતાં હતાં.

**જેવા ગૌતમ સ્વામીના બે હાથ જોડાતાં, એટલે એમની અંતરમાં પ્રભુ કૃપાનો એક પ્રકારનો electro magnetic force create થઈ જતો.**

ત્યાર બાદ તેઓ મધ્યમાં બિરાજમાન પ્રભુના જ્ઞાન, દર્શન અને ચારિત્રને ત્રણ પ્રદક્ષિણા કરતાં હતાં, પણ પ્રદક્ષિણા શરૂ કરતાં પહેલાં એક ક્ષણ માટે, પ્રભુની સમક્ષ ઊભા રહી, પ્રભુના ભાલપ્રદેશ પરના કેન્દ્ર બિંદુમાંથી પ્રસરતી positive aura દ્વારા સ્વયંની auraનું સ્નાન કરતાં હતાં, સ્વયંની auraને શુદ્ધ કરતાં હતાં.

**આમ ગૌતમ સ્વામી પ્રભુને વિનયપૂર્વક અને વિધિપૂર્વક વંદના કરતાં કરતાં સ્વયંના આત્મભાવોને શુદ્ધ-વિશુદ્ધ કરતાં હતાં.**

**વિનય, વિધિ અને ભાવ વિશુદ્ધિપૂર્વકની વંદનામાં નીચ ગોત્ર કર્મને ક્ષય કરવાની ક્ષમતા રહેલી છે.**

ગૌતમ સ્વામી ભગવાન મહાવીરના ચરણ-શરણમાં એટલાં અહોભાવથી વંદના કરતાં હતાં કે, વંદનાની ઉત્કૃષ્ટતા અને એમાં સમાયેલાં વિનયના કારણે, ગૌતમ સ્વામી પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર બની ગયાં, જે જ્ઞાન પ્રભુ મહાવીરે સાડાબાર વર્ષની કઠિન સાધના બાદ પ્રાપ્ત કર્યું, એ જ્ઞાન ગૌતમ સ્વામીને, એમની વિનય યુક્ત વંદનાના કારણે, પ્રભુની કૃપા અને કરુણાથી સાડાબાર secondમાં પ્રાપ્ત થઈ ગયું.

**આવી ઉત્તમ ક્ષમતા હોય છે, વિનય અને વિધિપૂર્વકની વંદનામાં !**

## બીજ બનવાની અનુભૂતિ !



કોઈએ પ્રભુને પૂછ્યું,
પ્રભુ ! આપે કેવળજ્ઞાન અને કેવળદર્શન જેવી શ્રેષ્ઠતાને કેવી રીતે પ્રાપ્ત કરી ?

**પ્રભુએ કહ્યું,** વત્સ ! શ્રેષ્ઠ વૃક્ષનું સર્જન ત્યારે જ થાય છે,
જ્યારે બીજ ધરતીને પોતાના અસ્તિત્વને સમર્પિત કરી, એમાં ખોવાઈ જાય છે.

**જે સમર્પણ ભાવે ખોવાઈ જાય છે, તે જ પોતાની સ્વયંની શક્તિનો સંચય કરી શકે છે,**
**તે જ પોતાની સ્વયંની આત્મ શક્તિને પ્રગટ કરી શકે છે.**

**સમર્પણતાનો શ્રેષ્ઠ ઉપાય છે, વંદના !**
**વંદના એટલે બીજ બનીને વવાઈ જવું અને વવાઈને શ્રેષ્ઠ વટવૃક્ષ બની જવું !!**



# મારો સંકલ્પ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટેલા વંદનાના ભાવો...
સ્થૂળ અને સૂક્ષ્મ વંદનાને સમજ્યાં,
વંદનાના Reasons અને Visions જાણ્યાં,
વંદનાના spiritual અને શારિરીક benefits વાંચ્યાં !

## આજથી હું સંકલ્પ કરું છું,

હું નિત્ય દેવ, ગુરુ, ધર્મને...
ભાવથી અને અહોભાવથી,
શ્રદ્ધાથી અને સમર્પણતાથી,
વિધિથી અને વિશ્વાસથી...
**3, 9, 27, 108 વંદના કરી ધન્ય બનીશ.**



Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-11-2023

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

## 53rd જન્મોત્સવ - માનવતા મહોત્સવ અવસરે - 50+ અર્હમ યુવા સેવા ગ્રુપના સેવકો દ્વારા




VISIT NOW : www.arham.org I CALL : 7666708869

From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099